શિક્ષણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૮/૧૨/૨૦૧૫.

ક્રમાંક:-સીપીયુ/૨૦૧૫/૨૨૮/ખ.૧

આઈ.આઈ.ટી.ઈ યુનિવર્સિટી, ગાંધીનગરના તા.૧૧/૧૨/૨૦૧૫ના પત્રથી સ્નાતક બી.એસ.સી.,બી.એડ અને બી.એ, બી.એડ, અભ્યાસક્રમોની ડીગ્રી લઈને ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ ના જે વિદ્યાર્થીઓ આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટીમાંથી પાસ થઈને જે વિદ્યાર્થીઓ, બહાર (PASS OUT) નીકળ્યા છે, તે વિદ્યાર્થીઓની ડીગ્રીઓને માન્ય રાખીને રાજયમાં વિદ્યાસહાયકની ભરતી માટે TET અને TAT પાસ કરેલા વિદ્યાર્થીઓ જે રીતે અરજી કરી શકે છે તેજ રીતે આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી, ગાંધીનગરના B.Sc.,B.ED અને B.A.,B.ED પાસ થઈને બહાર નીકળેલ વિદ્યાર્થીઓ પણ વિદ્યાસહાયકની ભરતી માટેની અરજીઓને સમકક્ષ ગણી ભરતી માટેની તેઓની ડીગ્રીઓને માન્ય રાખીને સમાવેશ કરવા રાજય સરકારને વિનંતી કરી હતી.

૨. B.Sc.,B.ED અને B.A.,B.ED ના અભ્યાસક્રમોને ૨૦૧૫-૧૬ની બેચ માટે યુનિવર્સિટીને NCTE, નવી દિલ્હી તરફથી મંજુરી મળી છે, પરતું તે પહેલાની ચાર બેચ માટે મંજૂરી મેળવવાની પ્રક્રિયા NCTE ના પરામર્શમાં ચાલુ છે. આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી રાજય સરકારના કાયદાથી સ્થપાયેલ "સરકારી યુનિવર્સિટી " હોવાથી યુનિવર્સિટીમાંથી પાસ-આઉટ થઈને જે વિદ્યાર્થીઓ બહાર આવ્યા છે તેઓ વિદ્યાસહાયકની ભરતી માટે ફોર્મ (ઉમેદવારી) ભરી શકે અને માન્ય રખાય તે બાબતને ધ્યાનમાં લઈને, આઈ.આઈ.ટી.ઈ.યુનિવર્સિટી, ગાંધીનગરના B.Sc.,B.ED અને B.A.,B.ED ડીગ્રી ધારકને વિદ્યાસહાયક ની ભરતીમાટે માન્ય રાખવાની આથી સરકારશ્રીની અનુમતી આપવામાં આવે છે

ગુજરાતનાં રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

(નિકુંજ જાની)

સરકારના ઉપસચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

૧. કુલપતિશ્રી શ્રી, આઇ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી, ગાંધીનગર

૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨/૧ જૂના સચિવાલય, ગાંધીનગર

૩. કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી , જૂના સચિવાલય, ગાંધીનગર

૪. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, જૂના સચિવાલય, ગાંધીનગર

૫. માન. મંત્રીશ્રી (શિ.) ના અંગત સચિવશ્રી ની જાણ સારૂ.

૬. માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.) ના અંગત સચિવશ્રી ની જાણ સારૂ

૭. તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ(DPEO) (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, મારફતે)

૮. તમામ જિલ્લા શિક્ષણા અધિકારીશ્રીઓ(DEO) ( કમિશ્નરશ્રી,શાળાઓની કચરી, મારફતે)

૯. માહિતી કમિશ્નરશ્રી, જૂના સચિવાલય, ગાંધીનગર તરફ દૈનિક વર્તમાન પત્રમાં બહોળી પ્રસિદ્ધિ કરવા સારૂ.

૧૦. નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.

૧૧. શાખા પસંદગી ફાઇલ.